## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



તમે ઉત્તરાયણમાં વાહનવાળાને દોરીથી બચાવ્યા.. પક્ષીને બચાવ્યા... વધુ ઘાસચારાથી ગાયોને બચાવી... હવે આ લાઉડ સ્પીકરથી અમે માણસો બચીએ એવું કાંઈક કરોને...!!!

# માણસામાં ધમધમતા જુગારના ત્રણ અડ્ડાઓ પર પોલિસના દરોડા

### ૧૪ જુગારીઓને અલગ અલગ દરોડામાં પકડી પાડયા

ગાંધીનગર, તા.૧૩

જિલ્લા પોલિસ અધિક્ષકે કરેલી લાલ આંખ બાદ ગાંધીનગર જિલ્લાની પોલિસે દારૂ-જુગારના અડ્ડાઓ પર રીતસરનો સપાટો બોલાવ્યો છે ત્યારે માણસા પોલિસે પણ ત્રણ અલગ અલગ અડ્ડાઓ પર બાતમી આધારે દરોડા પાડી ૧૪ જુગારીઓને રંગે હાથ પકડી પાડયા છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે





માણસા પી.આઈ. જે.ડી. મેવાડાની સુચનાથી તેમની ટીમ દારૂ-જુગારની બદી દુર કરવા સક્રિય થઈ છે. આ બાતમી આધારે અલગ અલગ જુગારના ત્રણ અડ્ડાઓ ઉપર દરોડા પાડવામાં આવ્યા છે. ખરણા ગામે હનુમાન મંદિર નજીક ખુલ્લી જગ્યામાં ધમધમી રહેલા જુગારના અડ્ડા ઉપર દરોડો પાડી રોકડ રૂ. ૧૦,૩૭૦ તથા મોબાઈલ મળી રૂ. ૧૦,૮૭૦ના મુદ્દામાલ સાથે પોલિસે પાંચને દબોચી લીધા હતા. નટુ લક્ષ્મણ પરમાર, કાંતી ગાંડા રાવળ, કિરણ રમેશ રાવળ, રમેશ બકા રાવળ અને જયંતિ કચરા પટેલ મળી પાંચેયની ધરપકડ કરી લીધી છે ત્યારે કેટલાક શખ્સો ભાગી છુટયા હતા. તેમની ધરપકડ માટે તપાસ તેજ બનાવી છે તો બીજી તરફ માણસા કોલેજ સામેથી વરલી મટકાનો જુગાર રમાડી રહેલા લાલા કાન્તિ દેવીપુજકને રોકડ રૂ. ૨૮૭૦ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તે ઉપરાંત ગઈ કાલે દેલવાડ ગામમાં જગા પુંજા ઠાકોરના ઘરે દરોડો પાડી માણસા પોલિસે હિતેશ ઉર્ફે હિરેન ભરત બારોટ (રહે નાદરી-કલોલ), રાજેશ અમરત ઠાકોર (રહે. આમજા-કલોલ), નાદરીના દિલીપ ગાંડા બારોટ, આમજાના અશોક કડવા ઠાકોર, દેવેન્દ્ર કાંતિ પટેલ, ધમાસણાના સુરેશ રમણ પટેલ, નાદરીના હાર્દિક કચરા બારોટ અને સંજય પ્રવિણ ત્રિવેદી મળી આઠ શકુનીઓને રોકડ રૂ. ૭૬,૫૦૦ તથા આઠ મોબાઈલો મળી કુલ રૂ. ૮૯,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કડક કાર્યવાહી હાથ ધરી છે. જયારે મકાન માલિક જગા પુંજા ઠાકોર મળી ન આવતા તેની ધરપકડ માટે પણ ચક્રો ગતિમાન કર્યા છે.

# ઈન્દ્રોડા પાર્કમાં ડાયનાસોર પાર્કની કામગીરીને આખરી ઓપ



ગાંધીનગર, તા. ૧૩

પાટનગરમાં સાબરમતી નદીના કિનારે આવેલ કોતરોમાં છેવાડાના ભાગે ગીર ફાઉન્ડેશનમાં દેશભરમાં પ્રખ્યાત એક માત્ર ડાયનાસોર પાર્ક આવેલો છે. આ પાર્કમાં દોઢ દાયકા પહેલા બનેલા આ ડાયનાસોર પાર્કમાં રહેલી પ્રતિકૃતિઓની જાળવણી કરવી ખુબ જરૂરી બની હોવાથી ડાયનાસોર પાર્કની રિનોવેશનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે આ રીનોવેશનની કામગીરી પુર્ણતાના આરે છે. પાર્કને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ત્યારે કેટલીક નવી પ્રતિકૃતિઓ પણ આ પાર્કમાં મુકવામાં આવશે. ત્યારે દેશભરના નાગરીકો માટે આ ડાયનાસોર પાર્ક આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

પાટનગરમાં સાબરમતી નદીના કિનારે ગીર ફાઉન્ડેશનમાં ડાયનાસોર પાર્ક આવેલ છે. આ પાર્કની સમયાંતરે જાળવણી ન થતા અને કુદરતી વિવિધ આપત્તિઓને પગલે ડાયનાસોરની પ્રતિકૃતિઓ અને પથ્થરોને નુકશાન પહોંચ્યુ હતુ. જેને અનુલક્ષી તંત્રએ રીનોવેશનની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી હતી. આ પાર્કમાં પશુ-પક્ષીઓ, સરિસૃપો, ઔષધિઓ હોવાથી સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેવા પામ્યો છે. ત્યારે ભારતભરમાંથી માત્ર ડાયનાસોર પાર્ક માત્ર પાટનગરમાં જ તૈયાર કરવામાં આવ્યો હતો. ત્યારે હવે આ ડાયનાસોર પાર્કની રિનોવેશનની કામગીરીને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ડાયનાસોર સહિત વિવિધ પ્રતિકૃતિઓ પણ પાર્કમાં લાવીને મુકવામાં આવી છે. માત્ર ગણતરીના દિવસોમાં જ તંત્ર દ્વારા આ ડાયનાસોર પાર્ક શહેલાણીઓ માટે ખુલ્લો મુકવામાં આવશે તેમ અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# કૌશલ્યા મહિલા વિંગે જરૂરિયાતમંદ બાળકોને જમાડી પતંગ-ફિરકીનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના કૌશલ્યા મહિલા વિંગની મહિલાઓ દ્વારા જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ભોજન કરાવી પતંગ-ફિરકીની ભેટ આપી ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાની અગ્રણી મહિલાઓ જોડાઈ હતી.

કૌશલ્યા મહિલા વિંગની મહિલાઓ દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે હાથ ધરાયેલા સેવા કાર્યમાં શહેરની આદિવાડા સરકારી પ્રાથમિક શાળા, ચરેડી આંગણવાડી, પ્રેસ છાપરા આંગણવાડી અને અન્ય શ્રમજીવી પરિવારોના બાળકોને પાંઉભાજી-ગુલાબજાંબુનું ભોજન કરાવાયુ હતુ. આ ઉપરાંત આ બાળકોને કુલ ૫૦૦ નંગ પતંગો તથા ફિરકીનું વિતરણ કરી મકરસંક્રાંતી પર્વની આગોતરી ઉજવણી કરવામાં આવી હતી. આ સદાકાર્યમાં સંસ્થાની મહિલાઓ જોડાઈ હતી. જેમાં કવિતા છાજર, રેણુકા છાજર, હીના પટેલ, ગીતા ખુમાન, સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, વૈશાલી જોષી, લીરલબા વાઘેલા વગેરેનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમનો હેતુ શહેરના જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોના બાળકો પણ મોંઘવારીના યુગમાં ઉત્તરાયણ પર્વનો આનંદ માણવાનું ચુકી ના જાય તેવો હતો.



ગાંધીનગર ના કોંગ્રેસના આગેવાનો દ્વારા શહેર ના જુદા જુદા વોર્ડ માં વસતા શ્રમિકો અને ઝૂંપડપટ્ટી ના ભુલકાઓને ઉત્તરાયણ નિમિત્તે પતંગોનુ વિતરણ કરવામાં આવ્યું જેમાં પ્રદેશ મહામંત્રી અને પ્રવક્તા નિશિત વ્યાસ અને જીલ્લા પ્રમુખ સાથે વિવિધ વોર્ડ ના કોર્પોરેટર્સશ્રીઓ એ હાજરી આપી જનસેવા ના કાયૅમાં સહકાર આપ્યો હતો.

## સુંદરધામ ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૩

સુંદરધામ ખાતે હનુમાનજી મહારાજ મંદિરના ચતુર્થ પાટોત્સવ નિમિત્તે સુંદરકાંડ પાઠનું આયોજન આગામી તા. ૧૫મી જાન્યુઆરીના રોજ બપોરે ૧ થી સાંજે ૫ દરમ્યાન કરવામાં આવ્યું છે. સાંજે સૌ ભક્તો માટે ભોજન પ્રસાદનું આયોજન 'સુંદરધામ પરિવાર' દ્વારા કરવામાં આવ્યું છે. આ અવસરે ભારતીબાપુ અને દિલીપભારતીબાપુ દ્વારા સૌ નગરજનોને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## મધ્યસ્થ ગ્રંથાલય ખાતે સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિની ઉજવણી

ગાંધીનગર, તા.૧૩

સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય સેક્ટર-૧૭ ખાતે સમગ્ર કર્મચારી પરીવાર તથા વિદ્યાર્થી વાચકસભ્યોએ સાથે મળીને સ્વામી વિવેકનંદજીની જન્મજયંતિના પ્રસંગની ઉજવણી કરી હતી. જેમાં સ્વામી વિવેકનંદજીના જીવનપ્રેરક સાહિત્યનું એક પુસ્તક પ્રદર્શન પણ યોજવામાં આવ્યુ હતું. જેનો સૌ વિદ્યાર્થી વાચક સમુદાયે લાભ લીધો હતો. આ પ્રસંગે ગ્રંથપાલ પંકજ કે. ગોસ્વામીએ સૌ વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદજીને રોલ મોડેલ બનાવીને પોતાના જીવનના લક્ષ્યાંકો સિદ્ધ કરવા સૌને અનુરોધ કર્યો હતો. તેમજ સ્વામી વિવેકાનંદ વિષયક સાહિત્ય વાંચવા સૌને અપીલ પણ કરી હતી.

# ચિલોડામાં કુતરાઓ માટે ૩૦૦ કિલો લાડુ



મકરસંક્રાંતિ પર્વ અને ધનારક માસ નિમિત્તે દાન પુણ્યનો મહિમા શાસ્ત્રોમાં ભારપૂર્વક આલેખાયો છે. જેમાં ગાય અન્ય પશુઓને ઘાસચારો ખુબ જ મળી રહે છે પરંતુ રખડતા કુતરાઓ પ્રત્યે ધ્યાન ઓછું અપાય છે. જે માટે આ ધનારક માસમાં કુતરાઓને ભરપેટ ભોજન કરાવી પુણ્યનું ભાથુ બાંધવા સૌ કોઈ તત્પર બને છે. જેમાં ચિલોડા ગામના યુવક મંડળે કુતરા માટે ૩૦૦ કિલો લાડુ બનાવ્યા છે. જે લાડુ ગામમાં શેરીએ અને મહોલ્લે ફરીને રખડતા કુતરાઓને ખવડાવવામાં આવે છે દર વર્ષે યુવાનોની આ અબોલ જીવો માટેની પ્રવૃત્તિ થતી જ રહે છે અને ગ્રામજનો પણ યથાશકિત ફાળો આપી યુવાનોને પ્રોત્સાહિત કરે છે. હળહળતા કળીયુગમાં ધર્મના નામે થતી આ પ્રકારની પ્રવૃત્તિ એ કુદરતમાં અતુટ વિશ્વાસનું પ્રતીક બની છે.

# પિલવાઈ કોલેજમાં રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે પિલવાઈ કોલેજના એન.એસ.એસ. એકમ તથા તાલુકા આરોગ્યકેન્દ્ર, વિજાપુર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પિલવાઈના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય યુવા દિનની શાનદાર ઉજવણી કરાઈ હતી. તમાકુ વ્યસન મુક્તિ વિષય પર યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં કોલેજના ૧૬ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પોતાના વિચારો સુંદર રીતે રજુ કર્યા હતા. ડૉ. તૃપ્તિબેન, ડૉ. એમ.આર. પંડ્યા અને ડૉ. આર.જી. પરમારે નિર્ણાયક તરીકેની કામગીરી કરી હતી. વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરાયા હતા. આ પ્રસંગે પ્રાથમિક તથા તાલુકા આરોગ્ય કેન્દ્રના ડૉ. મોહિત પટેલ, ભારતીબેન રાવલ તથા ચંદુભાઈની ઉપસ્થિતિ પ્રેરક હતી. રોટરી ક્લબ શાંતિભાઈ શાહ તથા કનુભાઈ તરફથી શામજીભાઈ ગોર, ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના ફિઝીક્સના પ્રોફેસર





નિકુલભાઈ પટેલે સ્વામી વિવેકાનંદજીના પ્રેરક પ્રસંગો રસપ્રદ રીતે રજૂ કર્યા હતા. આ પ્રસંગે આચાર્ય ડૉ. સંજય શાહે વ્યસનમુક્તિ અંગે વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા અને સ્વામી વિવેકાનંદના વિચારો જણાવી સુંદર માર્ગદર્શન આપ્યું હતું. તમામ વિદ્યાર્થીઓએ વ્યસન ના કરવા અંગે પ્રતિજ્ઞા લીધી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. કોઓર્ડિનેટર ડૉ. મનુભાઈ પ્રજાપતિએ કર્યું હતું.

## પ્રતાપસિંહજી હિંદી વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા ટ્રાફીક સપ્તાહ ૨૦૧૮ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પોલિસ વડાની કચેરી તથા પ્રતાપસિંહજી હિંદી વિદ્યાલયના સ્ટુડન્ટ પોલિસ કેડેટસ દ્વારા ટ્રાફિક સપ્તાહ ૨૦૧૮ની ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા પોલિસ વડાની કચેરી તથા શ્રી પ્રતાપસિંહ હિંદી સ્કૂલનાં સ્ટુડન્ટ પોલિસ કેડેટ્સ દ્વારા સતત ૧ અઠવાડીયા સુધી માર્ગ સુરક્ષા જાગૃતિ અભિયાન માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ. ટ્રાફિક સપ્તાહ ૨૦૧૮ના સમાપન પ્રસંગે ગાંધીનગરનાં વિવિધ માર્ગો પર જેવા કે ઘ-૦, ચ-૦, તથા ખ-૦ તેમજ સરગાસણ ચોકડી ખાતે સ્ટુડન્ટ પોલિસ કેડેટસ તરીકે સેવા બજાવતા કુલ ૩૫ જેટલા ટ્રેનર કેડેટસો તથા





સી.પી.ઓ. ડિમ્પલ રાજપુત તથા ગાંધીનગર વસાહત મહામંડળના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતીની જનજાગૃતિ પત્રીકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત લગભગ ૫૦૦ જેટલા વાહન ચાલકો જેમણે વિના હેલ્મેટ, સીટ બેલ્ટ બાંધ્યો ન હોય, ગાડી ચલાવતા બુટ ન પહેર્યા હોય, તથા હેડલાઈટ ઉપર પીળો પટ્ટો ન હોય તેવા વાહન ચાલકોને ઉભા રાખીને જાગૃત કર્યા અને ફરીથી આવુ ન કરે તેવું વચન લીધુ હતું.

આ પ્રસંગે વિદ્યાલયના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા તથા ગાંધીનગર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# માણસા તાલુકા પેન્શનર્સ એસોસીએશનની વાર્ષિક સાધારણ સભામાં પેન્શનરોને સન્માનાશે

ગાંધીનગર, તા. ૧૩

માણસા તાલુકા પેન્શનર્સ એસોસીએશન દ્વારા દર વર્ષે સાધારણ સભાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૨૯મી વાર્ષિક સાધારણ સભા ૨૧મી જાન્યુઆરીને રવિવારે સવારે ૮.૩૦ કલાકે ૪૮ કડવા પાટીદાર સમાજ ઉમિયાવાડી, માણસા-કલોલ રોડ ખાતે યોજાશે.

આ સભામાં ૬૫ વર્ષ પૂર્ણ કરનારા ૫૫ પેન્શનરોને શાલથી સન્માનવામાં આવશે. જેમાં કે.બી. વ્યાસ, ડી.ડી. પટેલ, હેતલ ત્રિવેદી, અમૃતલાલ પંચાલ, વિશ્વનુન રાઓલ, દશરથ પ્રજાપતિ, રામાજી ચૌધરી તેમજ જશુ પંડ્યા ઉપસ્થિત રહેશે. તમામ મહેમાનો અને દાતાઓનું સન્માન કરવામાં આવશે.

એસોસીએશનમાં હાલમાં ૧૨૦૦ જેટલા સભ્યો છે. તેમાં ફેમીલી પેન્શનરોનો પણ સમાવેશ થાય છે. આ સાધારણ સભામાં તમામ પેન્શનરોને ઉપસ્થિત રહેવા માટે મંડળના પ્રમુખ ભોળાભાઈ પટેલ, મહામંત્રી બાબુલાલ પંચાલ તથા કારોબારી સભ્યો દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવે છે.

## સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં શિક્ષણ વિભાગ વિજયી

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં શિક્ષણ વિભાગ અને સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ વચ્ચે રમાયેલી મેચમાં શિક્ષણ વિભાગનો ૯૪ રને ભવ્ય વિજય થયો છે.

શિક્ષણ વિભાગે પ્રથમ દાવમાં ત્રણ વિકેટે ૨૨૪ રન કર્યા હતા જેની સામે સામાજિક ન્યાય વિભાગની ટીમ ૧૨૮ રન કરી ઓલઆઉટ થઈ ગઈ હતી. શિક્ષણ વિભાગમાં સંદિપ થાપા ૬૨ રન, ઈમ્તીયાઝ ઘાંચી ૪૯ રન અને કનુ પટેલે ૪૩ અને દિલીપ નાયીએ ૨૨ રન કર્યા હતા. ઈમ્તીયાઝ ભગતે ૫ ઓવરમાં ૨૨ રન આપી ૬ વિકેટ લીધી હતી. ઈમ્તીયાઝ ભગત મેન ઓફ ધ મેચ જાહેર થયા હતા. સામાજિક ન્યાય વિભાગમાં ભાવેશ પટેલના ૩૬ રન મુખ્ય હતા. શિક્ષણ વિભાગના મેનેજર દિપક પટેલ અને કેપ્ટન કનુ પટેલે શિક્ષણ વિભાગની ટીમને અભિનંદન આપ્યા હતા.

## મકરસંક્રાંતિના પાવન પર્વ પર શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ઉત્તરાયણ-મકરસંક્રાંતિના પાવન પર્વ પર નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

તેમના શુભેચ્છા સંદેશમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું છે કે, મકરસંક્રાંતિનું પર્વ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવવામાં આવે છે, જે પ્રેમ, શાંતિ અને પરસ્પર બંધુત્વ ભાવનું દ્યોતક છે.

## ઘાયલ પક્ષી દેખાય તો તુરંત સંપર્ક કરો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લામાં તા. ૧૪ અને ૧૫મી જાન્યુઆરીએ ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણનો તહેવાર પરંપરાગત રીતે હર્ષોલ્લાસથી ઉજવાશે. આ પર્વમાં પતંગની દોરીથી ઘાયલ થયેલા પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુથી કરૂણા અભિયાન ૨૦૧૮ હાથ ધરાયેલ છે. આ અભિયાન અંતર્ગત હેલ્પલાઈન તથા અન્ય સંપર્ક નંબરો અને અભિયાનમાં જોડાયેલા કેટલાક સ્વયંસેવકોના નંબર અત્રે આપેલા છે જેનો નાગરિકોએ પક્ષી ઘાયલ થવાનો બનાવ બને તો તાત્કાલિક મદદ માટે ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા કંટ્રોલ રૂમ
હેલ્પ લાઈન - ૧૮૦૦૨૩૩૮૦૮૦
ગાંધીનગર તાલુકો - ૦૭૯ - ૨૩૨૨૧૨૬૦
ગાંધીનગર તાલુકો - ૦૭૯ - ૨૩૨૩૯૮૭૨
ગાંધીનગર તાલુકો - ૦૭૯ - ૨૩૨૬૦૬૩૨
માણસા તાલુકો - ૦૨૭૬૩ - ૨૭૯૦૩૪
દહેગામ તાલુકો - ૦૨૭૧૬ - ૨૩૩૦૭૪
કલોલ તાલુકો - ૦૨૭૬૪ - ૨૨૨૧૫૨
ગાંધીનગર શહેર માટે સ્વયંસેવકોના નંબર : ૭૮૭૪૦૦૮૭૮૮, ૮૪૦૧૪૦૫૩૦૬, ૯૭૨૫૪૦૨૨૦૭, ૮૪૦૧૪૮૮૫૮૮, ૯૯૨૫૫૨૮૦૦૭

ટચૂકડી જાહેર ખબર

જોઈએ છે

ગુજરાતી કોમ્પ્યુટર ઓપરેટર
સેક્ટર-૧૧, ૨૦૭,
શોલીન કોમ્પલેક્ષ,
તા. ૧૬/૧/૧૮ના રોજ
રૂબરૂ મળવું.

## ટુંકી મુદતની જાહેર નિવિદા

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગર કચેરી ખાતે સરકારશ્રીના કામકાજ સબબ ૨૦૧૮-૧૯ના વર્ષ માટે સ્ટેશનરી માટે વાર્ષિક ભાવ કરાર કરવાના થાય છે. જે માટે રસ ધરાવતી ઈચ્છુક પાર્ટીઓ / સંસ્થાઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું નિયત ટેન્ડર ફોર્મ તા. ૨૫/૧/૨૦૧૮ સુધીમાં કચેરી કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ કલાકે થી ૫.૦૦ કલાક દરમિયાન વહીવટી અધિકારી નેશનલ હેલ્થ મિશન, સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટની કચેરી, એનએચએમ ભવન, જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કૉલેજની પાસે, ગાંધીનગરની કચેરીએથી અરજી સાથે 'સ્ટેટ હેલ્થ સોસાયટી ગુજરાત - એનએચએમ'ના નામનો રૂ. ૫૦૦/- (રૂપીયા પાંચસો પુરા)નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફી ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. ભરેલા ભાવપત્રકો તથા ટેકનીકલ લાયકાત પત્રક અલગ - અલગ કવરમાં રાખી બંને એક જ સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૩૧/૧/૨૦૧૮ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે ઉપરોક્ત સરનામે મોકલી આપવાના રહેશે. ટેન્ડર સ્વીકારવું કે નહીં તે અંગેનો હક અત્રેની એસપીએમયુ કચેરીને અબાધિત રહેશે.

સહી/-
સભ્ય સચિવ (સ્ટેટ હેલ્થ સોસાયટી) અને
અધિક નિયામક (આરોગ્ય)
ગાંધીનગર

માહિતી/૨૪૫૫/૧૭-૧૮

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ